


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-03 ■ તા. 10-01-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### વડાપ્રધાને ૧૬મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનને સંબોધિત કર્યું

## કોરોના કાળમાં દેશ વધારે તાકાતવર બન્યોઃ મોદી

**ભારતીય લોકશાહી સૌથી વધુ જીવંત છે દુનિયા ફક્ત ભારતની વેક્સિનની જ રાહ નથી જોઈ રહ્યું, આપણા વેક્સિનેશન કાર્યક્રમ પર પણ દુનિયાની નજર**

ન્યુ દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનને સંબોધિત કરતાં કહ્યું કે આજે નવી પેઢી ભલે મૂળિયાથી દૂર થઈ ગઈ હોય, પરંતુ તેમનો લગાવ ભારત સાથે વધ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વખતે કોરોના કાળમાં ભારતના લોકોએ શાનદાર કામ કર્યું છે અને આ લોકો આસપાસના લોકો પ્રત્યે મદદરૂપ દેખાયા. આ દરમ્યા ભારતના લોકો એ સેવા ભાવનો પરિચય કરાવ્યો છે.

આપને જણાવી દઈએ કે આ વખતે પ્રવાસી ભારતીય દિવસનો વિષય આત્મનિર્ભર ભારત છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે દુનિયા સાક્ષી છે કે જ્યારે પણ ભારતના સામર્થ્ય પર પ્રશ્ન કરાયા ત્યારે દર વખતે ભારતીયોએ તેમને ખોટા સાબિત કર્યા છે. જ્યારે ભારત પરાધીન હતું તો યુરોપમાં લોકો કહેતા હતા કે ભારત આઝાદ થઈ શકશે નહીં પરંતુ ભારતીયોએ તેને ખોટું સાબિત કરી દીધું. જ્યારે ભારત સ્વતંત્ર થયું ત્યારે પશ્ચિમના લોકો કહેતા કે આટલો ગરીબ દેશ એક સાથે રહી શકશે નહીં, અહીં લોકશાહીનો પ્રયોગ સફળ થશે નહીં, પરંતુ ભારતે તેને ખોટું સાબિત કરી દીધું. પીએમ મોદીએ ડાયસ્પોરાને કહ્યું કે આજે ભારતની લોકશાહી સૌથી સફળ છે, સૌથી જીવંત છે. પીએમ મોદીએ કહ્યું કે આજે ભારતની લોકશાહી વિશ્વમાં એક ઉદાહરણ બની ગયું છે.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતે શાંતિનો સમય હોય કે સંઘર્ષનો ભારત નિશ્ચિતપણે મુકાબલો કર્યો છે. પીએમએ કહ્યું કે વીતેલા વર્ષોમાં પ્રવાસી ભારતીયોએ દરેક ક્ષેત્રે પોતાની ઓળખ મજબૂત કરી છે. વિવિધ દેશોના પ્રમુખો જણાવે છે કે કેવી રીતે ત્યાં વસતા પ્રવાસી ભારતીયોએ મુશ્કેલ સમયમાં કેટલું મહાન કામ કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દરેક જણ આજે ભારતની રસીની રાહ જોઈ રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું કે ભારતની તાકાતનો લાભ દરેકને મળે છે, વડાપ્રધાને કહ્યું કે દેશમાં બનાવવામાં આવેલી બે રસીથી ભારત માનવતાના હિતમાં કામ કરવા તૈયાર છે. પીએમએ કહ્યું કે કોવિડના સમયમાં કેટલીય નવી ટેક સ્ટાર્ટઅપ્સ ભારતમાંથી જ નીકળીને આવ્યા છે. ભારતે ફરી એક વખત પોતાના સામર્થ્યનો પરચિય કરાવી દીધો છે.

ભારતના નિર્માણમાં પ્રવાસી ભારતીયોના યોગદાનને યાદ કરતાં તેમણે કહ્યું કે, જો આખી દુનિયાને ભારતમાં આટલો વિશ્વાસ છે તો તમે પણ પ્રવાસી ભારતીય છો. પીએમએ કહ્યું કે તમે જ્યાં ગયા ત્યાં તમે ભારતીયતાને ફેલાવી છે. પીએમએ કહ્યું કે ભારત સરકાર દરેક ક્ષણ, દરેક સમયે તમારી સાથે ઉભું છે. કોરોના કાળમાં વંદે ભારત મિશન હેઠળ ૪૫ લાખ ભારતીયોને સહાય કરવામાં આવી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે અહીંથી હવે આપણે આઝાદીના ૭૫માં વર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ. મારી વિનંતી છે કે સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેનારા પ્રવાસી ભારતીયોની જીવનગાથાથી સંપૂર્ણ પરિચય માટે ડિજિટલ પોર્ટલ બનાવવામાં આવવું જોઈએ, તે આપણી આવનારી પેઢીઓને પ્રેરિત કરશે.

આત્મનિર્ભર ભારત વિશે વાત કરતા પીએમ મોદીએ ડાયસ્પોરા ભારતીયોને સંબોધન કરતા કહ્યું હતું કે તમે વિશ્વની જરૂરિયાતોને પહોંચી વળવા ગુણવત્તાયુક્ત અને સસ્તું સમાધાન આપી શકો છો અને ભારતમાંથી ગરીબ દેશોને લાભ પહોંચાડી શકો છો.

આપને જણાવી દઈએ કે આ વખતે પ્રવાસી ભારતીય સંમેલનની થીમ આત્મનિર્ભર ભારત જ છે.

### અમેરિકાના ઉપપ્રમુખની પ્રેસ સેક્રેટરી તરીકે પસંદગી પામી

## ભારતીય કૂળની સાબ્રિના સિંઘ કમલા હેરિસની સહાયક નીમાઇ

વોશિંગ્ટન,તા.૯

અમેરિકાના નવા ચૂંટાયેલા ઉપપ્રમુખ કમલા હેરિસની પ્રેસ સેક્રેટરી તરીકે ભારતીય કૂળની સાબ્રિના સિંઘની વરણી કરાઇ હતી. તાજેતરમાં થયેલી અમેરિકી પ્રમુખપદની ચૂંટણી વખતે પણ સાબ્રિના કમલા હેરિસની પ્રેસ સચિવ હતી.

નવા ચૂંટાયેલા પ્રમુખ જો બાઇડન અને ઉપપ્રમુખ કમલા હેરિસને સત્તા હસ્તાંતરણમાં મદદ કરી રહેલા જૂથે આ વરણીની ઔપચારિક જાહેરાત કરી હતી.

સાબ્રિના ભારતીય કૂળની છે.

એનો પરિવાર લાંબા સમયથી અમેરિકામાં વસી ગયો હતો. અત્યાર અગાઉ સાબ્રિનાએ ડેમોક્રેટિક નેશનલ કમિટિમાં ડેપ્યુટી કોમ્યુનિકેશન ડાયરેક્ટરની જવાબદારી સંભાળી હતી. અમેરિકી બ્રિજના ટ્રમ્પ વૉર રૂમમા સંચાલકની જવાબદારી પણ એણે પાર પાડી હતી. ૨૦૧૬માં હિલેરી ક્લીન્ટનના રાષ્ટ્રપતિપદની ઉમેદવારી વખતે સાબ્રિનાએ મહત્ત્વની કામગીરી કરી બતાવી હતી. માઇક બ્લૂમબર્ગે પ્રમુખપદની ઉમેદવારી કરી ત્યારે પણ સાબ્રિના મુખ્ય પ્રવક્તા હતી અને કોરી બૂકરના રાષ્ટ્રપ્રમુખ અભિયાન વખતે પણ સાબ્રિનાએ મિડિયા પ્રવક્તાની કામગીરી બજાવી હતી.


તાજેતરની વાત કરીએ તો જો બાઇડન અને કમલા હેરિસના ચૂંટણી પ્રચારમાં મિડિયા કો-ઓર્ડિનેટર તરીકે સાબ્રિનાએ સરસ કામગીરી બજાવી હતી. આ બધી કામગીરીના સિરપાવ રૂપે હવે એને ઉપપ્રમુખ કમલા હેરિસના પ્રેસ સેક્રેટરી તરીકેની નિમણૂક મળી હતી.

આ એક બહુ મોટી જવાબદારી છે. અમેરિકી પ્રમુખ અને ઉપપ્રમુખની દેશ અને વિશ્વ માટેની નીતિઓ વિશે સાબ્રિનાએ આંતરરાષ્ટ્રીય મિડિયાને સતત માહિતગાર કરવાનું છે.

## અમિતભાઇ શાહે પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહજી સોલંકીના અવસાન અંગે આઘાત સાથે દુઃખની લાગણી વ્યક્ત કરી

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે આજરોજ ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય આગેવાન પૂજ્ય જીવણ દાદા અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના અંગે સાથે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.



શ્રી શાહે ભારતીય કિસાન સંઘના સ્થાપક સભ્ય પૂજ્ય જીવણ દાદાના અવસાન અંગે આઘાત સહ દુઃખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જીવણ દાદાનો જન્મ કલોલ તાલુકાના જામળા ગામે એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો તેઓને શિક્ષણની મર્યાદિત તકો ઉપલબ્ધ થયેલ હોવા છતાં તેઓએ ગુજરાત અને રાષ્ટ્રીય સ્તરે ભારતીય કિસાન સંઘ માં ૪૦ થી વધુ વર્ષોનું અમૂલ્ય યોગદાન આપ્યું. તેઓ શરૂઆતથી જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જોડાયા અને રાષ્ટ્ર હિતની વિચારધારા સાથે કિસાનોની સમસ્યાના ઉકેલ, કિસાનોના અધિકાર અને કિસાનોની રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અંગે જનજાગૃતિ ફેલાવવા અને કિસાનોના હિત અને ઉત્થાન માટે એકનિષ્ઠ અને અવિરત પ્રયાસોમાં સમર્પિત રહ્યા. તેઓ વર્તમાનમાં ભારતીય કિસાન સંઘમાં કેન્દ્રિય કારોબારીમાં સલાહકાર તરીકે કાર્યરત હતા. તેઓના અવસાનથી ગુજરાત અને સમગ્ર દેશમાં કૃષક કલ્યાણ ક્ષેત્રે એક મોટી ખોટ પડી છે. શ્રી શાહે અંતમાં કહ્યું હતું કે તેમના પરિવારજનો અને સમર્થકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને ઈશ્વર દિવંગત આત્માને શાંતિ પ્રદાન કરે.

શ્રી શાહે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા માધવસિંહજી સોલંકીના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે માધવસિંહજીએ ગુજરાતના મુખ્યમંત્રી ઉપરાંત ભારતના વિદેશમંત્રી તરીકે પણ જવાબદારી સંભાળી.

ગુજરાત અને દેશના રાજકીય અને જાહેર જીવનમાં તેઓનો ફાળો ચિર સ્મરણીય રહેશે. શ્રી શાહે દિવંગત આત્માને ઈશ્વર શાંતિ આપે તે માટે પ્રાર્થના અને તેમના પરિજનો અને સમર્થકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

### અમારો અવાજ દબાવી નહીં શકાયઃ ટ્રમ્પ લાલઘૂમ

## ડોનાલ્ડ ટ્રમ્પ પર ટ્વીટરની કાર્યવાહી, કાયમ માટે સસ્પેન્ડ કર્યું એકાઉન્ટ

વોશિંગ્ટન,તા.૯

અમેરિકી સંસદ કેપિટલ હિલ પરિસરમાં બે દિવસ પહેલા થયેલી હિંસા બાદ માઈક્રો બ્લૉગિંગ સાઈટ ટ્વીટરે મોટી કાર્યવાહી કરતાં ડોનાલ્ડ ટ્રમ્પનું પર્સનલ એકાઉન્ટ કાયમ માટે સસ્પેન્ડ કરી દીધુ છે.




અગાઉ ૧૨ કલાક અને પછી ૧૫ દિવસ બાદ હવે ટ્વીટરે કાયમ માટે ટ્રમ્પનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધુ છે. ટ્વીટરને આશંકા છે કે, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફરીથી એવું ટ્વીટ કરી શકે છે, જેના કારણે કેપિટલ હિલમાં પુનઃ હિંસાની સ્થિતિ સર્જાઈ શકે છે.ટ્વીટરની કાર્યવાહીના જવાબમાં ટીમ ટ્રમ્પે પણ ટ્વીટ કરીને જણાવ્યું છે કે, અમે ચૂપ નહીં બેસીએ અને આગળ જરૂરી કાર્યવાહી કરીશું.અગાઉ ટ્રમ્પે પોતાના પર્સનલ એકાઉન્ટ સસ્પેન્ડ થયા બાદ પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ @POTUS પરથી એક ટ્વીટ કર્યું હતું. જો કે આ ટ્વીટને પણ ટ્વીટર દ્વારા થોડી જ મિનિટો બાદ હટાવી લેવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે, સત્તાવાર ટ્વીટર એકાઉન્ટથી કરવામાં આવેલી ટ્વીટમાં ટ્રમ્પે માઈક્રો બ્લૉગિંગ સાઈટની ટીકા કરી હતી.એવું પણ મનાય છે કે, ટ્રમ્પના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સને પણ કાયમ માટે સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. ટ્રમ્પ હવે પોતાનું પર્સનલ ટ્વીટર એકાઉન્ટ ઓપન નહીં કરી શકે.

### ભાજપ અધ્યક્ષ નડ્ડાએ બર્ધમાનમાં એક મુઠ્ઠી ચોખા અભિયાનની શરૂઆત કરાવી

## મમતા સરકારના રાજમાં અંતિમ સંસ્કાર માટે રૂપિયા ચૂકવવા પડી રહ્યા છેઃ નડ્ડા

**મમતાજી તમારી જમીન ખસી ચૂકી છે, પક્ષીઓ ખેતર ચણી ચૂક્યા છે**

*કોલકાત્તા,તા.૯*

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ફરી એકવાર બંગાળના પ્રવાસે છે. પશ્ચિમ બંગાળના બર્ધમાનમાં તેમણે એક મુઠ્ઠી ચોખા અભિયાનની શરૂઆત કરાવી હતી. આ અભિયાન દ્વારા ભાજપ રાજ્યના લગભગ ૭૩ લાખ ખેડૂત સાથે જોડવાનું લક્ષ્યાંક છે.

નડ્ડાએ આ અવસરે ભ્રષ્ટાચાર મામલે મુખ્યમંત્રી મમતા બેનર્જી સરકારની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું - મમતાના રાજમાં અંતિમ સંસ્કાર માટે રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે.

આ પ્રસંગે સભામાં સંબોધન કરતાં નડ્ડાએ કહ્યું હતું કે, મને આને અહીંયા આવવાથી ખૂબ જ ખુશી થઈ રહી છે, જ્યાં સ્વામિ વિવેકાનંદનો ઉછેર થયો હતો. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે અહીં દેશને એક નવી દ્રષ્ટિ આપી હતી. શ્યામાપ્રસાદ મુખર્જીએ એક દેશ અને એક વિધાન માટે પોતાનો જીવ આપ્યો. તે મંદિરમાં પણ ગયા, જ્યાં ચૈતન્ય મહાપ્રભુએ દીક્ષા લીધી હતી.

આજે જ્યારે હું આવી રહ્યો હતો ત્યારે મેં જોયું કે તમે કેવી રીતે મોટી સંખ્યામાં અહીં આવ્યા છો. તે બતાવે છે કે મમતાનું જવાનું નિશ્ચિત છે અને ભાજપનું આવવાનું નક્કી છે. તાલીઓનો અવાજ બતાવે છે કે બંગાળના લોકોએ ભાજપને આવકારવાનું મન બનાવી લીધું છે.

આજથી લઈને ૨૪ તારીખ સુધી કાર્યકરો ૪૦ હજાર ગ્રામ પંચાયતોમાં જશે અને સૌગંધ લેશે કે ખેડુતોની લડત ભાજપના કાર્યકરો લડશે. અમે ગામે-ગામમાં ખેડુતો સાથે ભોજન પછી, તેઓ નિર્ણય લઈશું કે તેમની સાથે થતા અન્યાય સામે અવાજ ઉઠાવીશું અને આગામી સરકાર માટેનો માર્ગ સાફ કરીશું. અહીંથી અવાજ લગાવીશું- મોદીજી આગળ વધો, ખેડૂત તમારી સાથે છે.

મમતાની સરકાર અને યુપીએ સરકારમાં, ખેડૂતો માટેનું બજેટ ૨૪ હજાર કરોડ હતું, અમે તેને વધારીને એક લાખ કરોડ કર્યું. સ્જીઁ માટે સ્વામિનાથન કમિશનના રિપોર્ટને અમલમાં મૂક્યો અને તેનો ખર્ચ દોઢ ગણો કર્યો.

સાંભળ્યું છે કે મમતાજીએ વડાપ્રધાનને કિસાન સન્માન નિધિ માટે પત્ર લખ્યો છે. હું તેમને કહેવા માંગુ છું કે અમારી સરકાર બનશે અને ખેડૂતોને કિસાન સન્માન નિધિ અમે આપીશું. મમતાજી તમારી જમીન ખસી ચૂકી છે, પક્ષીઓ ખેતર ચણી ચૂક્યા છે.

### મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાની ઘટના અંગે સ્મૃતિ ઈરાનીએ કહ્યું

## નાના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય છીનવાઈ ગયું

સુરત,તા.૯

લોકોને હચમચાવી દેનાર ઘટના મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાંથી સામે આવી છે. મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં સરકારી હોસ્પિટલમાં આગ લાગવાથી ૧૦ બાળકો બળીને ભડથું થયા છે.

હોસ્પિટલના ન્યૂબોર્ન વોર્ડમાં ૧૭ નવજાત બાળકો હતા. જેમાંથી કુલ ૧૦ બાળકોના દુઃખદ મોત થયા છે. આ કરૂણ ઘટના આ અંગે સુરત ખાતે આવેલા કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, નાના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય છીનવાઈ ગયું છે. આખો દેશ દુઃખ વ્યક્ત કરે છે. આ ઘટના અંગે સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં જે ઘટના બની છે તે ખૂબ જ દુઃખદ છે.

### પીપીઈ કિટ, માસ્ક, ગ્લવ્સ પર ૩૦૦ કરોડ અને જનજાગૃતિ પાછળ ૧૫ કરોડ ખર્ચ્યા

## ૨૫ ટકા ખર્ચ રાજ્યના કુલ આરોગ્ય બજેટમાંથી કોરોના પાછળ થયો

- ☐ ૯ મહિનામાં ૧૬૦૦ કરોડનો કોરોનાને કાબુ મેળવવા પાછળનો ખર્ચ
- ☐ માસ્ક વિના ફરતા લોકો પાસેથી ૮ મહિનામાં ૧૨૫ કરોડનો દંડ વસૂલ્યો

ગાંધીનગર,તા.૯

ગુજરાત સરકારે રાજ્યમાં કોરોનાના આગમન બાદ ડિસેમ્બરના અંત સુધીના ૯ મહિનામાં મહામારી પર અંકુશ મેળવવા માટે ૧,૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. શનિવારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે સરકારે ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે. પરંતુ રાજ્ય સરકારના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર કોરોનાના દર્દીઓની સારવારથી માંડીને, માળખાકીય અને સાધનિક સુવિધાઓ બધું જ મેળવીને આ ખર્ચ ૧,૬૦૦ કરોડ રૂપિયાથી વધુનો થયો છે. આગામી સમયમાં ગુજરાતમાં રસીકરણ શરૂ થશે અને રસીના ડોઝ નાગરિકોને વિનામૂલ્યે મળશે તેવી જાહેરાત પણ નાયબ મુખ્યમંત્રીએ કરી છે, આથી રસીકરણનો ખર્ચ ઉપરાંત કોવિડ દર્દીઓની સારવાર માટે પણ આગામી ત્રણથી ચાર મહિનામાં વધુ ૧,૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.



એટલે કે ટેસ્ટથી લઈને દર્દીઓના ડિસ્ચાર્જ સુધી અને હવે રસીકરણ એમ કોરોના પાછળ સરકાર અંદાજે ૨૮૦૦ કરોડ રૂપિયા ખર્ચશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત સરકારે સૌથી વધુ ખર્ચ રાજ્યમાં આવેલી સરકારી હોસ્પિટલોને કોવિડની સારવાર માટે સજ્જ બનાવવા તથા ખાનગી હોસ્પિટલોને કોવિડ દર્દીઓની સારવાર માટે પથારી રીઝર્વ રાખવા પાછળ કર્યો છે. આ ખર્ચ ડિસેમ્બરના અંત સુધીમાં જેટલાં દર્દીઓ સરકારી હોસ્પિટલોમાં કે સરકારે રીફર કરેલી ખાનગી હોસ્પિટલોમાં આવ્યાં તે માટેનો છે.

તે ઉપરાંત રાજ્ય સરકારે જે આયુર્વેદિક, હોમિયોપેથિક દવાઓ અને ઉકાળાનું વિતરણ કર્યું તથા વિવિધ વિસ્તારોમાં ધન્વંતરી રથ દોડાવ્યાં તેને સંબંધિત ખર્ચ અંદાજે ૭ કરોડ રૂપિયા જેટલો થયો છે. ત્યારબાદ પીપીઈ કીટ, માસ્ક, ગ્લોવ્ઝ તથા અન્ય સાધનોની ખરીદી માટે ૩૦૦ કરોડ રૂપિયા ખર્ચાયાં છે તેમજ આરટીપીસીઆર અને એન્ટિજન ટેસ્ટ કિટો માટે સરકારે ૨૫૦ કરોડનો ખર્ચ કર્યો છે. ટોસીલિઝુમેબ અને રેમડેસિવીર જેવી દવાઓની આપૂર્તિ માટે ૧૦૦ કરોડ જેટલી જંગી રકમ વપરાઈ છે, તો વહીવટી ખર્ચ, સ્ટેશનરી અને કમ્પ્યુટરના સાધનોની ખરીદી અને સરકારે સરકારી કર્મચારી સિવાયના જે લોકોની આ સારવારમાં સેવા લીધી તેમને ચૂકવાયેલાં એરિયર્સ અને મહેનતાણાં સહિત અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.

સરકારે વેન્ટિલટર્સ, બાયપેપ સાધનો તથા પ્રવાહી ઓક્સિજન પાછળ ૭૦ કરોડ રૂપિયા ખર્ચ્યાં છે. આ ઉપરાંત સરકારે ૨૫ કરોડ રૂપિયા કોરોનાને કારણે મૃત્યુ પામેલાં સરકારી કર્મચારીઓના પરિવારને વળતર પાછળ પણ ખર્ચ્યાં હોવાનું રાજ્ય સરકારના સૂત્રો જણાવે છે. ૨૫ ટકા ખર્ચ રાજ્યના કુલ આરોગ્ય બજેટમાંથી કોરોના પાછળ થયો છે. આ ટકાવારીમાં અત્યાર સુધીનો ખર્ચ અને આગામી સંભવિત ખર્ચ પણ સામેલ છે. માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સિંગના અમલ માટે રાજ્ય સરકારે સખ્તાઈ કરીને માસ્ક વિના ફરતા લોકો પાસેથી ૮ મહિનામાં ૧૨૫ કરોડનો દંડ વસૂલ્યો છે. રાજ્યભરમાં અંદાજે ૨૩ લાખ લોકો માસ્ક નહીં પહેરવા બદલ દંડાયા છે. ૨૪ જિલ્લા તથા કોર્પોરેશનોમાં ૧૦થી ઓછા નવા કેસ નોંધાયા હતા. માત્ર ૪ જિલ્લા/કોર્પોરેશનમાં ૫૦થી વધુ કેસ આવ્યા.

# તંત્રી લેખ


## કૃષિ કાનૂનને કારણે ખેડૂતોને લાભ થશે કે મોટા ઉદ્યોગકારોને.....?!

દેશમાં કોરોના કેસો દિવસે દિવસે ઘટવા સાથે ૧ કરોડ ઉપરાંત કોરોના દર્દીઓ સાજા થઈ ગયા છે. બીજી તરફ દેશભરમાં કોરોના રસી આપવા કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારોએ રસી આપવા માટેની જરૂરી તમામ તૈયારીઓ કરી લીધી છે. કેટલાક રાજ્યમાં ટ્રાયલ બેઝ પર રસી આપવામાં આવી રહી છે અને આવા સમયે રાજકીય ક્ષેત્રે કોરોના રસી બાબતે ધમાસણ ચાલવા સાથે નવા કૃષિ કાનુન રદ કરવા માટેના આંદોલનને તોડી પાડવા કોરોનાની દહેશત બતાવવામાં આવી રહી છે તે બાબતમા પણ ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.કોરોનાએ દેશભરમાં દરેક ક્ષેત્રોને જે નુકસાન પહોંચાડયું છે તે અધધ..... છે... તેમાં સૌથી વધુ સહન કરવાનું મધ્યમવર્ગ, શ્રમજીવી વર્ગ અને ગરીબોના ભાગે આવ્યું છે. જેમાં એક ઘટનામાં વિદેશમાંથી ભારતમાં આવી પહોંચેલાઓમાં સૌથી વધુ લોકો કેરળ રાજ્યના છે. જેઓ વિદેશોમા નોકરી- વ્યવસાય કરતા ૮.૪૩ લાખ લોકો દેશમાં પરત ફર્યા છે જેમાંથી ૫.૫૨ લાખ લોકોએ નોકરી ગુમાવી છે. કોરોનાને નાથવા ભારત સહિત વિશ્વનાં અન્ય દેશોમાં વિવિધ વેક્સિન નોંધાવા સાથે વિદેશોમાં રસી આપવાનો શરૂ થઈ ગયું છે. જ્યારે ભારતમાં પણ બે રસી સફળ રહી હોવાના દાવા થયા છે .કેટલાક રાજ્યમા રસી આપવાનુ ટ્રાયલ બેઝ પર શરૂ થયું છે. તો આગામી ૧૪ મી જાન્યુઆરીથી દેશભરમાં મોટાપાયે વેક્સિન આપવાનું શરૂ થનાર છે. ત્યારે લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપ યાદવે લોકોમાં રસી અંગે પ્રવર્તી રહેલી શંકાઓને લઈને વૃંદાવન બાંકે બિહારીના દર્શન કરવા આવેલા ત્યારે પત્રકારોને જણાવ્યું કે લોકોને કોરોનાવાયરસ લેવા માટે સારો સંદેશો આપવા માટે ખુદ વડાપ્રધાન મોદીજીએ રસી લેવી જોઈએ.... ત્યારબાદ હું રસી લઈશ અને મારા પિતા પણ રસી લેશે.... જ્યારે કે દેશમાં આજે અનેકોમાં રસી બાબતે શંકાઓ ફરી વળેલુ છે....!

દેશમાં ચાલી રહેલા કૃષિ કાનૂન રદ કરવાના ખેડૂતોના આંદોલનમાં લાખો ખેડૂતો સમગ્ર દિલ્હી રાજ્યની બોર્ડરો પર શાંતિથી આંદોલન ચલાવી રહ્યા છે. કેન્દ્ર સરકાર સાથે ૧૦ બેઠકો થઈ છતાં કોઈ જ પરિણામ આવ્યા નથી. તો સરકારે નવા કરષિ કાનુન પરત ખેંચવામાં નહીં આવે તેવું સ્પષ્ટ કહી દીધું છે.... તો ખેડૂતો નવા ત્રણેય કૃષિ કાનુનો પરત ખેંચવા અડી ગયા છે. જોકે સરકારે ખેડૂતોને સુપ્રીમમાં જવા કહી દીધું છે... ત્યારે ખેડૂતો કોર્ટમાં જવા પણ તૈયાર નથી. થોડા દિવસ પહેલાં ખેડૂત આંદોલનને કારણે કોરોના ફેલાવાની દહેશત વ્યક્ત કરવામાં આવી હતી. જ્યારે કે ખેડૂત આંદોલનથી કોરોના દૂર રહ્યો છે અને એક પણ ખેડૂત કોરોનાની ચપેટમાં આવ્યો નથી.અને આવા સમયમાજ સુપ્રીમમાં કેટલીક અરજીઓ દાખલ થયેલ જેમા સુપ્રીમ કોર્ટ કહ્યુ કે સરકાર તરફથી કોઇ જોઈતા પ્રયાસો થયા નથી....તે સાથે એવું પણ કહ્યુ કે આંદોલનના કારણે કોલાનાં ફેલાવાની શક્યતા છે... અને આ બાબત સરકારે પકડી લીધી છે જે બહાને ખેડૂત આંદોલન વિખેરી શકાય.... પરંતુ જે રીતે ખેડૂતો કૃષિ કાનુન રદ કરવા સહિતના વિવિધ કાર્યક્રમો સાથે શાંતિથી આંદોલન ચલાવી રહ્યા છે અને સરકારને પણ કહી દીધું છે કે કૃષિ કાનુનો રદ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે... મરેગે યા જીતેગે.... બીજી તરફ લાલુ પુત્ર તેજ પ્રતાપે કહ્યું કે કૃષિ કાનુન ખેડુતોને મજૂર બનાવી દેવા માટેનો છે... આ કાયદાથી મોટા ઉદ્યોગ-ધંધાર્થીઓ ખેતી ઉપર કબજો કરી લેશે, સરકારે ખેડૂતોના હિતમાં કામ કરવું જોઈએ પણ આ સરકાર નથી કરતી... તો રાહુલ ગાંધીએ આંદોલનને સમર્થન આપતાં કહ્યું છે તે સરકારની નીતિ સાફ નથી અને ખેડૂતોને તારીખ પર તારીખ આપ્યા કરે છે. આખરે ખેડૂત પ્રશ્ને કોઈ નિવેડો ન આવતા ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહને વડાપ્રધાને ખેડૂત આંદોલન માટેની દોર સોપી દીધી છે... જોઈએ હવે આગળ શું પરિણામ આવે છે.....!

# સદાબહાર સૂર

## અવિનાશ વ્યાસ




શ્રી અવિનાશ વ્યાસ નામની મને ઓળખ થઈ ‘ મેંદી રંગ લાગ્યો’ ફિલ્મના ગીત “મેંદી તે વાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે” ગીતથી પણ એ પછી તો આજ સુધી એમના ગીત-ગરબાનો રંગ આજ સુધી મારા મન પર એવો તો છવાઈ ગયો છે કે આજે પણ સ્મૃતિમાં સળવળાટ કરતું બેઠું થાય છે. અવિનાશ વ્યાસ માટે કહેવાયું છે કે એ એક અમરત્વ લઈને ગયા છે, એક ભવ્ય વારસો મુકીને ગયા છે. વાત કેટલી સાચી છે.

કોણ જાણે કેટલાય વર્ષોથી આ મેંદી અસ્તિત્વમાં તો આવી હશે પણ જાણે એની સાચી ઓળખ,એનો ખરો રંગ પરખાયો અવિનાશ વ્યાસની આ રચનાથી.

“કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર,

ઘુંઘટમાં જોબનની જ્વાળા, ઝાંઝરનો ઝમકાર,

લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર,

લટકમટકતી ચાલ ચાલતી જુવો ગુર્જરી નાર, અરે ભાઈ જુવો ગુર્જરી નાર૫૫.

અરે ભાઈ જુવો ગુર્જરી નાર ના નાદથી શરૂ થતો આ ગરબો મારી અંદરની ગુજરાતણને આજે પણ જગાડે છે. ..આ ગીત તો મેં અને તમે કોણ જાણે કેટલાય લોકોએ કેટલીય વાર ગાયું હશે નહી? મારી જેમ તમે સૌએ પણ આ ગીત કેટલીય વાર ગણગણી લીધું હશે. કેટલીય વાર આપણે એના તાલે ગરબે ઘૂમી પણ લીધું હશે નહીં? પણ લોકસમાજને હૈયે રમતી રચના જેમ ભુલાતી નથી તેમ અવિનાશ વ્યાસ યાદ આવ્યા વગર રહેતા પણ નથી.

આ ગીતમાં એવું તે શું છે કે યાદ કરી ફરી ફરીવાગોળવાનું,ગાઈનેગરબેઘૂમવાનું મન થાય? એના શબ્દો કે એની ધૂન ? શબ્દોની કે તેની સાથે જોડાયેલી વાર્તા વિશે તમને આછોપાતળો ય અંદાજ હશે? આ આખા ગીતમાં પ્રિયતમનાવિરહમાં ઝૂરતી એક પરણિતાની વાત છે. પતિ પરદેશ છે અને દિયર તેને મેંદી લગાવવાનું કહે છે ત્યારે પત્નીના મનમાં ઉઠતા ભાવો તે ગીતમાં વ્યક્ત કરે છે પણ એ ભાવો એ સમયની નારીના છે.

આમ જોવા જઈએ તો મૂળ વાત તો ગાયકી, સૂરીલા અવાજની છે જે ક્યાં સૌના નસીબની વાત છે પણ કેટલાય ગીતો એવા છે જે આજે પણ સામાજિક પ્રસંગોથી માંડીને સ્ટેજ પર ગવાયા છે અને ગવાતારહેવાના છે.

જે ગેય એટલે કે ગાઈ શકાય છે એવી રચાનાઓનું પણ કેટ-કેટલું વૈવિધ્ય? નરસિંહ મહેતાના પ્રભાતિયાથી માંડીને મધ્યકાલિનગીતપરંપરા, પ્રાચીન રાસ-ગરબા, સમકાલીન ગુજરાતી ગીતો, આધુનિક -જેને રેપ સોંગની કક્ષામાં મુકી શકાય એવા ગીતો, ગઝલોની સમૃદ્ધિ,રંગભૂમિને ગજવતાગીતોનો વૈભવ અને ફિલ્મો દ્વારા પ્રચલિત ગીત-સંગીત. આ ફિલ્મોને તો એટલે યાદ કરવી જ પડે.

ઘણીવાર વર્ષોથી સાંભળતા આવેલા ગીતો કાનની આદત બની જાય. શબ્દો માટે સંગીત પણ એટલુંજ અસરકારક માધ્યમ ખરું હો કે. મોઝાર્ટ કે બિથોવનનીસિમ્ફની હોય તો એ પણ કાનને તો એટલી જ ગમવાની. કેટલીક વાર એવું ય બને કે જેમાં શબ્દ ન પકડાય કે ન સમજાય પરંતુ એનું સંગીત ચિત્તને, આત્માનેઝંકૃત કરી દે.અવિનાશભાઈના એવી કેટલીય રચનાઓ હોય કે જે સીધી જ આપણી પ્રકૃતિ સાથે એકાત્મક કરી દે અને એ જાણે આપણા જ હોય એટલા સ્વભાવિકલાગે.

એવી જ રીતે લોકગીતોનો પણ અનોખો ઈતિહાસ છે. ક્યારે, કોણે એ રચ્યા છે એના મૂળ સુધી ઉતર્યા વગર સાવ સરળતાથી સ્વીકારી લેવાયેલા ગીતો. આ લોકગીત માટે એવું કહેવાય છે કે “લોકો વડે ઘડાતું અને ગવાતું ગીત. કંઠસ્થ સાહિત્ય પરંપરાથી ચાલ્યા આવતા કે કોઈ અજ્ઞાત ગીતકારે જોડીને વહેતા મુકેલા ગાન.” એક સમય હતો જ્યારે સ્ત્રીઓને એટલી ક્યાં મોકળાશ હતી કે સૌની વચ્ચે આવીને પોતાની વાત કહે. ત્યારે એ ઘરમાંજ રહીને ઘંટી પર ધાન દળતા, ઘમ્મર વલોણામાંથી માખણ તારતા કે પછી સરખે સરખી સહિયર સાથે કૂવાના કાંઠે પોતાનો રાજીપો કે વ્યથા વ્યકત કરતી વેળા મનમાંથી આપોઆપ સ્ફૂરીઉઠેલાશબ્દોનેએ એક હલક સાથે ગણગણી લેતી હશે અને સમય જતા એ લોકગીત તરીકે સ્વીકારાઈ ગયા હશે.

અવિનાશ વ્યાસ પોતાની કૃતિઓ જાતે જ સ્વરબદ્ધ કરતા હતા. તેમની રચનાઓ જેટલી કાવ્યમય હતી તેટલી જ સુરીલી પણ હતી.

પછી તો તેમના ગીતો અને ગરબા તો ઘર ઘર સુધી પહોંચ્યા અને એટલી હદે તો એ સૌને પોતાના લાગ્યા, એના કર્ણપ્રિય શબ્દ અને સંગીતના લીધે કંઠસ્થ થવા લાગ્યા અને પછી તો એના ગીતકાર-સંગીતકાર કોણ છે એના ઊંડાણ સુધી જવાના બદલે એને લોકગીત માનીને પણ એ ગવાતા રહ્યા, ઝીલાતા રહ્યા અને એના તાલે સૌકોઈ તન-મનમાં થનગાટ સાથે ઝૂમ્યા પણ એની પરવા ક્યાં આ સંગીતકારને હતી પોતાનો નિજ આનંદ લઈ એક પછી એક રચના કરતા ગયા અને પોતાની સાથે બીજા અનેક કવિની રચનાને સ્વરબદ્ધ કરી સમૃદ્ધ કરતા ગયા. પછી તો એમની ગુજરાતી ગીતોનીધુનનો પ્રયોગ હિંદી ફિલ્મમાં થયો.આ ગુજરાતી ગીત-ગરબા શેરીથીમાડીને સ્ટેજ સુધી તો પહોંચ્યા જ સાથે એની લોકપ્રિયતાને લઈને કંઇ કેટલીય ગુજરાતી ફિલ્મોમાં પણ એ ગવાયા. તેમનાં ગીતોમાંસાહિત્યિકતા ઘણાને ઓછી જણાય પણ સહજતા ઘણી છે એટલું તો હું જરૂર કહીશ.

ગુજરાતના લોકજીવન, સંસ્કારજીવનને ઉજાગર કરતા અનેક ગીતો તેમણે લખ્યાં અને સંગીતબદ્ધ કર્યાં ‘પાંદડુ લીલુ ને રંગ રાતો, હેજી મારી મેંદીનોરંગમદમાતો૫.’ ગીત હોય કે ‘‘નયન ચકચૂર છે’ ગીત પણ આજે ક્યાં ભૂલાય છે ? કેવા મઝાના ગીતો ? કહેવાય છે કે એટલે જ તો અવિનાશ વ્યાસ ગુજરાતી સંગીતના ભીષ્મપિતાકહેવાયા. એમણે જ તો સુગમ સંગીતને શિખરે બેસાડ્યું.

આપણે આ શિખરનેઆંબવાનો આયાસ આપણે કરીશું ને?

Rajul Kaushik
http://www.rajul54.wordpress.com




## ૪ વખત રાજ્યના મુખ્યમંત્રી રહેલા માધવસિંહ સોલંકીનું ૯૪ વર્ષની વયે નિધન

ગાંધીનગર,તા.૯

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય વિદેશ મંત્રી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા માધવસિંહ સોલંકીનું નાદુરસ્ત તબીયતના કારણે આજે વહેલી સવારે ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. ભરતસિંહ સોલંકી આવતી કાલે એટલે રવિવારે સવારે અમેરિકાથી પરત ફરશે જે બાદ બપોરના ૪ કલાકે માધવસિંહ સોલંકીની અંતિમ વિધી કરવામાં આવશે. આવતીકાલે સદગતની અંતિમવિધિમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધી આવે એવી શકયતા છે.

સીએમ રૂપાણીએ રાજ્યમાં માધવસિંહ સોલંકીના સન્માનમાં એક દિવસનો શોક પાળવાની જાહેરાત કરી છે. માધવસિંહ સોલંકીની અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવાનો નિર્ણય પણ રૂપાણીએ કર્યો છે. આ સાથે જ રૂપાણીએ આજના તેમના મહીસાગર જિલ્લાના કાર્યક્રમો રદ કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ પણ શ્રદ્ધાંજલિ આપી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

માધવસિંહ સોલંકીએ ૪ વખત ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળ્યું હતું. માધવસિંહ સોલંકી ખામ થિયરી માટે જાણીતા થયેલા. જેના થકી તેઓ ૧૯૮૦માં ગુજરાતમાં સત્તામાં આવેલા.

ઉલ્લેખનીય છે કે, માધવસિંહ સોલંકી ગુજરાતમાં સૌથી વધુ બેઠકો સાથે શાસન કરનાર એકમાત્ર નેતા રહી ચૂક્યાં છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમનો રેકોર્ડ તોડી શક્યા નહતા.

માધવસિંહ સોલંકીનો જન્મ ૩૦ જુલાઈ, ૧૯૨૮ના રોજ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલા પિલુદરા ગામમાં રોજ થયો હતો. તેઓ સૌ પ્રથમ ૧૯૫૭માં મુંબઈ રાજયની વિધાનસભામાં ચૂંટાયા હતા.

જો કે ૧૯૬૦માં વિભાજન બાદ તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા હતા.

માધવસિંહની ૧૯૭૫માં ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. જે બાદ ૨૪-ડિસેમ્બરે, ૧૯૭૬ના રોજ માધવસિંહ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. જો કે ખૂબ જ ટૂંકા સમય બાદ ૧૧ એપ્રિલ, ૧૯૭૭ના રોજ તેમણે પોતાના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધુ હતું.

જે બાદ બીજી વખત ૬ જૂન,૧૯૮૦માં માધવસિંહ ફરીથી મુખ્યમંત્રી બન્યા હતા. તે સમયે તેમણે ૧૯૮૫ સુધી પોતાનો મુખ્યમંત્રી તરીકેનો કાર્યકાળ પૂરો કર્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં ઉદ્યોગ, શિક્ષણ, વીજળી, સિંચાઈ, પછાત વર્ગોના વિકાસ વગેરે ક્ષેત્રોમાં કામગીરી કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભામાં ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરનારા પ્રથમ મુખ્યમંત્રી બનનારા માધવસિંહ સોલંકીને ફરીથી રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. જો કે ૬ જુલાઈ, ૧૯૮૫ના રોજ તેમણે રાજીનામુ આપી દીધૂ હતું.

## ૩૫ બાઈક અને ૫થી વધુ બાઈકના એન્જિન સાથે સુરતી ચોર પકડાયો


સુરત,તા.૯

સુરતમાં છેલ્લા ઘણા સમયથી બાઈક ચોરીની ઘટના બની રહી હતી. આવામાં વરાછા પોલીસે બે ઈસમોને ઝડપી પાડ્યા છે. જેમની પાસેથી પોલીસે ચોરીની ૩૫ બાઈક અને ૫ થી વધુ બાઈકના એન્જિન કબ્જે કર્યા છે. આ ટોળકી મોજશોખ માટે બાઈક ચોરી કરી તમામ સ્પેરપાર્ટ અલગ કરી વેચતી હતી. આ ટોળકી સાથે એક ગેરેજવાળો પણ ગુનામાં જોડાયેલો હતો. વરાછા પોલીસ સ્ટેશનની બહાર પાર્કિંગમાં પડેલી અસંખ્ય બાઈક જોઈને એવું લાગશે કે, પોલીસ દ્વારા કોઈ અલગ અલગ ગુનામાં કબ્જે કરાયેલી બાઈક પડી હશે. પણ ખરેખર એવું નથી. એક જ વ્યક્તિએ આ તમામ બાઈક એટલે કે ૩૫ જેટલી બાઈક સુરત અને બહારથી અલગ અલગ જગ્યાએથી ચોરી કરી છે. જેથી વરાછા પોલીસે આરોપી અરવિંદ મારડીયાને ઝડપી પાડ્યો છે. જેથી પૂછપરછમાં એક પછી એક હકીકત બહાર આવી તો થોડા સમય માટે પોલીસ પણ ચોંકી હતી. કારણ કે જે રીતે બાઇક ચોરી કરી હોવાની કબૂલાત કરતા એક બે ત્રણ નહિ પણ, ૩૫ બાઇક ચોરી કરી. આરોપીએ એક જગ્યાએ તમામ બાઈક ભેગી કરી હતી. જેથી પોલીસે તમામ બાઇક કબ્જે કરી છે.

વરાછા પોલીસને માહિતી મળી હતી કે, સુરતના વરાછા વિસ્તારમાં એક ઈસમ ગેરેજ સંચાલક સાથે મળીને ચોરેલી બાઈકનું લે વેચ કરે છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી વરાછા બોમ્બે માર્કેટ પાસેથી અરવિંદ મારડીયાની અટકાયત કરી હતી. પોલીસે તેની પાસેથી ચોરીની ૧૧ બાઈક કબ્જે કરી હતી. બાદમાં વધુ પૂછપરછ કરતા અરવિંદના ગેરેજ સંચાલક મિત્ર પાસે પણ કેટલીક બાઈક પડી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ગેરેજ સંચાલક અશોક કોરડીયા પાસેથી પણ ચોરીની વધુ ૧૧ બાઈક કબજે કરી છે. પોલીસે તમામ બાઇકો કબ્જે કરી ગેરેજ સંચાલક અશોક છગન કોરડીયાની ધરપકડ કરી છે. જેની પૂછપરછમાં તેણે કહ્યું કે, તેઓએ ચોરેલી બીજી કેટલીક ચોરી કરેલી બાઇક સૌરાષ્ટ્રમાં વેચી હતી.

આ માહિતી મળતા પોલીસની એક ટીમ સૌરાષ્ટ્ર ગઈ હતી. આમ વરાછા પોલીસની પૂછપરછ એક પછી એક ચોરાયેલી બાઇકની સંખ્યામાં વધારો થતો ગયો હતો. પોલીસે આરોપીને સાથે રાખીને જુનાગઢ અને અમરેલી જિલ્લામાં વેચલી ૧૩ જેટલી ચોરીની બાઇક કબ્જે કરી હતી. તો સાથે જ ગેરેજ માલિક પાસેથી પણ ૫ જેટલા બાઇકના એન્જિન મળી આવ્યા હતા. આખી ઘટનામાં પોલીસે તપાસ કરતા યુવક બેકાર હોવાથી ચોરી કરતો હતો તેવુ જાણવા મળ્યું. જે બાઇક ન વેચાય તેને ગેરેજમાં એન્જિન અલગ કરી અલગ અલગ સ્પેરપાર્ટ વેચતો હતો. જેથી પોલીસને પણ શંકા ન જાય.

## અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૩૪)
વર્ષા જાની



આપણે દરેક બાબતોનું સરવૈયું કાઢીએ છીએ. જીવનમાં બનતાં સારા નરસા પ્રસંગોનો તાળો મેળવીએ છીએ. આજે ૨૦૨૦ નાં વર્ષનો છેલ્લો દિવસ. આજનાં દિવસે વહી ગયેલા મહિનાઓ, દિવસોમાં થોડું ડોકિયું કરીએ તો લગભગ દરેક વ્યક્તિ એવું તો ચોક્કસ કહી શકે કે મારી જિંદગીમાં મેં આવો કોરોના જેવો કપરો કાળ, આવો સમય ક્યારેય પણ જોયો હોય, એવું યાદ નથી.૨૦૨૦નાં વરસનાં સમયગાળાએ માણસને ઘણું ઘણું શીખવાડ્યું. સ્વાવલંબન, પરિવારનો સહવાસ, મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની સૂઝ, બીજાને મદદરૂપ થવાની ભાવના વગેરે જેવા સારા પાસાઓ માણસ જીવનમાં કેળવતો થયો. પણ એનાથી ઉલટું વિચારીએ તો, કેટલાક લોકો મફતનું મેળવીને સંગ્રહખોરીમાં માનતા થઈ ગયાં. સામાજિક સંસ્થાઓ માંથી યેનકેન પ્રકારે મફતનું કઈ રીતે મેળવી લેવું. એવી વૃત્તિ પર નિર્ભર બન્યાં.ટૂંકમાં જેની જેવી વૃત્તિ, એ પ્રમાણે દરેકે કોરોનાના સમયનાં સાથ સહકાર, ફાયદા,ગેરફાયદા મેળવી લીધાં,દીધાં.

ઘણાં ઘણાં વ્યક્તિઓ કોરોનાગ્રસ્ત બન્યાં ય ખરાં. પણ એમાંથી કેટલાંક લોકો કોરોનાને મહાત કરી, મોતને હાથતાલી દઈને આવી ગયાં, તો ઘણાનાં સ્વજનોને કોરોના ભરખી ગયો.અને જાણે અટ્ટહાસ્ય કરતો સામે ઊભો રહીને પોતાના વિજયની ધ્વજાપતાકા લહેરવતો હોય!

અને કહેતો હોય.. હે, પામર, તુચ્છ મનુષ્ય, તું તારો અહંકાર છોડ, તું ક્યારેય કાળને વશ કરી શકવાનો નથી! કે કેદ કરી શકવાનો નથી!

" તું શાને ફરે છે, ગુમાનમાં,

તારે રહેવું ભાડાના મકાનમાં!"

ઘરનાં ઘરમાં, મોટાં મોટાં બંગલામાં, ગાડીમાં ફરનારા માણસો વ્હેંત ઊંચા ચાલતા હોય! એવું મોટાભાગે જોવા મળતું હોય છે.એ વ્હેંત ઊંચા ચાલનારા, ઘમંડી માણસો એ પણ કેમ ભૂલી જતાં હોય છે, કે, આ મને જે ચાલવાનું બળ, શક્તિ મળે છે, એ દેનારો પણ અકળ છે! ચાલતા ચાલતા અચાનક જ પગ જકડાઈ જાય ને ચાલવાનું બંધ થઈ જાય તો?.. તો પછી! હવે અભિમાન કરવાનું રહેવા દે, કેમકે આપણો દેહ પણ ઈશ્વરે આપેલું અમૂલ્ય ભાડાનું મકાન છે. કુદરતનાં નિયમોને અધીન થઈને જીવન જીવવું, કુદરતનાં સાનિધ્યને કેળવીને જીવન કેળવવું એ જ જીવનની ખરી સાર્થકતા. પણ આપણે આધુનિકતાના બિહામણાં પડછાયાનાં પૂછડાને પકડીને કુદરતની વાસ્તવિકતા સામે આંધળુકિયા કરીએ છીએ. કુદરતે આપેલ અઢળક ખજાનાને નકામો ગણીએ છીએ. ગાડી, મોટરકાર,નોકરી ચાકર શેઠશાહુકારીનાં દેખાડામાં સ્વાવલંબન વિસરી ગયાં છીએ. પોતાનું કામ જાતે, ખૂદ કરવામાં શરમ, સંકોચ અનુભવવા લાગ્યાં છીએ.

ઘણીવાર ઘરે કોઈ મહેમાન આવ્યું હોય, અને જો આપણે ઘરનું કામ જાતે, સ્વૈચ્છીક કરતાં હોઈએ તો, તરત જ સામેવાળી વ્યક્તિનો પ્રશ્ન એ જ હશે કે, "આજે કામવાળી બાઈ નથી આવી? " આપણે પ્રત્યુત્તરમાં એમ કહીએ કે હું તો બધુ જ કામ જાતે કરું છું. " તો તરત જ સામેવાળી વ્યક્તિ નાકનું ટીચકું ચડાવીને કહેશે, "મને તો બધુ હાથે કામ કરવું ન ગમે, એવી કંજુસાઈ હું ન કરું! " આમ, "જાત મહેનત જિંદાબાદ "માં ન મનનારાને જિમમાં જઈને સાધનોની મદદથી કસરત કરી કૃત્રિમ મહેનતથી પરસેવો પાડવાની જરૂરત પડે છે.પાળી પોષીને શરીરમાં કાયમી ઘરબાયેલા અતિથિ એવાં કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ જેવા મહેમાનોને પણ આ કૃત્રિમ શ્રમ ઝડપથી મહાત કરી શકતો નથી.

માટે જ શરીર ઘસાવું જોઈએ,કસાવું જોઈએ,

मनुष्य लोके श्रम प्रधान:।

વર્ષા જાની
ભાવનગર
૧૦ જાન્યુઆરી ૨૦૨૧

## મહેસાણામાં કાર આગળ ઊભેલા મહિલા પીએસઆઈને કચડવાનો પ્રયાસ કરી ચાલક ફરાર

મહેસાણા,તા.૯

સામાન્ય રીતે પોલીસ અને જનતા વચ્ચે છાસવારે બોલાચાલી કે ઝઘડા થવાની ઘટનાઓ છાસવારે બનતી રહે છે. સાથે સાથે રોડ ઉપર ઊભા રહીને કામગીરી કરતા પોલીસ કર્મચારીઓ ઉપર ક્યારેક વાહન ચાલકો જીવનનું જોખમ ઊભી કરતા હોવાના અનેક કિસ્સાઓ ભૂતકાળમાં બન્યા છે. ત્યારે આવો વધુ એક કિસ્સો મહેસાણા શહેરમાં બન્યો છે.

જ્યાં કાયદો તોડનાર કાર ચાલકને રોકવાનો પ્રયત્ન કરતા મહિલા પીએસઆઈ ઉપર કાર ચડાવવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. મળતી માહિતી પ્રમાણે મહેસાણા શહેરમાં આવેલા ગોપીનાળા બહાર ટ્રાફિક પોઈન્ટ ઉપર મહિલા પીએસઆઈ વીપી સોલંકી ફરજ બજાવી રહ્યા હતા.

આ સમય દરમિયાન કાળા કાચ વાળી કાર ત્યાંથી પસાર થતી હતી. કાચ ઉપર કાળી ફિલમ લગાવેલી હોવાથી કાયદાનો ભંગ થતો દેખાયો હતો. જેથી મહિલા પીએસઆઈએ આ કાર ચાલકને રોકવાનો કારની આગળ ઊભા રહ્યા હતા. કાર ચાલકે ધીમે ધીમે કરીને આગળ વધી મહિલા પીએસઆઈ ઉપર કાર ચડાવી દેવાનો પ્રયત્ન કર્યો હતો. અને ત્યાંથી ફરાર થયો હતો.

મહિલા ઉપર કાર ચડાવવાની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. બીજી તરફ મહિલા પીએસઆઈ વીપી સોલંકીએ કાર ચાલકને ઝડપીને તેની સામે દંડ ફટકારવાની કાર્યવાહી હાથધરી હતી. સીસીટીવીમાં દેખાય છે તેમ ગોપીનાળા બહાર ટ્રાફિક પોઈન્ટ ઉપર મહિલા પીએસઆઈ ફરજ બજાવી રહ્યા છે.આ સમયે કાળાકાચવાળી કાર ત્યાંથી પસાર થઈ રહી છે. આ કારને રોકવા માટે મહિલા પીએસઆઈ કારની આગળ ઊભા રહ્યા હતા. કાર ચાલકે કાર રોકવાના બદલે તેમની ઉપર ચડાવવાનો પ્રયત્ન કરે છે. આ દ્રશ્ય જોઈને બીજા પોલીસ કર્મચારીઓ પણ ત્યાં દોડી આવે છે. પરંતુ કાર ચાલક ત્યાંથી ફરાર થઈ જાય છે. આમ મહિલા પીએસઆઈને કચડવાનો પ્રયત્ન કર્યો હતો.

## જામનગરમાં રાજકોટ ઈક્રમટેક્ષના પાંચ સ્થળે દરોડા, કરોડોની ચોરીની સંભાવના

જામનગર,તા.૯

જામનગરમાં રાજકોટ ઈક્રમટેક્ષ વિભાગે શુક્રવારે બપોરે ૧૧ વાગ્યાથી આખી રાત તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઈક્રમટેક્સ વિભાગ દ્વારા જામનગર શહેરમાં કુલ પાંચ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતાં. જામનગરમાં ચનીયારા ગ્રુપ પર રાજકોટ ઈક્રમટેક્ષ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતાં. શુક્રવારે સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલી તપાસ આખી રાત ચાલુ રહી હતી. ચનીયારા ગ્રુપ કન્સ્ટ્રકશન સાઈટ અને બ્રાસપાર્ટના એકમ ધરાવે છે. આ પેઢી છેલ્લા કેટલાક સમયથી ખોટા બિલ બનાવી તે સ્ટોરી કરતી હોવાનું આવકવેરા વિભાગને ધ્યાને આવતા દરોડા પાડવામાં આવ્યા છે.

ઈક્રમટેક્સના દરોડામાં રાજકોટ ઈક્રમટેક્ષના અધિકારીઓ અને અમદાવાદ ઈક્રમટેક્ષના અધિકારીઓ તપાસ કામગીરીમાં જોડાયા છે.

ચનીયા ગ્રુપના માલિક સંદીપભાઈ ચહેરા અને તેની અન્ય પેઢી પર આઈ.ટી.ના અધિકારીઓ તપાસ માટે પહોંચી ગયા હતાં. દસ્તાવેજ સાહિત્યની ચકાસણીમાં ખોટા બિલ સામે આવ્યા હતાં.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001